

આપણી દીવાળી ક્યારે ફળીભૂત થાય?

અને

બીજી વાર્તાઓ.

કીંમત ૧ આનો

ધી ફોર્ટ પ્રીન્ટીંગ પ્રેસ,
નં૦ ૧, પારસી બજાર સ્ટ્રીટ, ફોટ મુંબઈ, } માં
હોશંગ તે૦ અંકલેસરીઆએ એડીત અને પ્રગટ કર્યું છે.
અને મા૦ જ૦ તવડીયાએ છાપ્યું છે.

આપણી દીવાળી કયારે ફળીભૂત થાય?

માણેકલાલ-ભાઇ મનહરલાલ દીવાળીના દીવસો નજીક આવતા જાય છે તે છતાં, તમારામાં નિરૂત્સાહીપણું અને શિથીલતા કેમ જણાય છે! લોકો પોતાનાં નિવાસ સ્થાનોને શુશોભિત બનાવવા, રંગ રોગાન વિગેરેથી તેનામાં નવિનતા પ્રેરે છે. સપર્વના દીવસોમાં, પોતાનાં શરિર અલંકૃત કરવા. નવીન વસ્ત્રાભૂષણો બનાવવા ઉત્સુક થાય છે. ગૃહિણીઓ આવા માંગલ્યમય દીવસોમાં વિવિધ પ્રકારનાં પકવાન્નો બનાવવા ઉત્સાહથી મંડી ગઇ છે તો તમો શા માટે ઉદાસીનતા ધારણ કરી બેઠા છો? અરે! એવા શા વિચારના વમળમાં પડયા છો?

મનહરલાલ—ભાઇ માણેકલાલ હું

એવા વિચારમાં છું કે આપણી દીવાળી ક્યારે ફળીભુત થએલી ગણાશે ?

માણેકલાલ—ભાઇ એમાં તે એવો શું વિચાર કરવાનો છે. આપણી દીવાળી જે મુજબ હમેશાં ફળીભૂત થાય છે તેજ પ્રમાણે આ પણ થશે

મનહરલાલ-આપ કઇ દ્રષ્ટીથી દીવાળી ફળીભૂત થએલી માનો છો તે જણાવશો ?

માણેકલાલ—ભાઇ મનહર હજુ પણ તું એવોજ વિચાર ઘેલો રહયો. અનેક દીવાળીઓ વ્યતિત થઇ તે છતાં પણ હજુ તારા વિચારોનો અંત આવ્યો નહી તો ધ્યાનથી શ્રવણ કરઃ—

દીવાળીની શરૂઆત વાઘબારસથી ગણાય છે. વાઘ બાર માઇલની મુસાફરી કરી, પોતાની ક્ષુધા શાંત કરશે એવી દંતકથા છે. તેવીજ રીતે અમો વેપારીઓ, અમારી આખાં વર્ષની ધન પ્રાપ્તિ માટેની તૃષ્ણાને

પુર્ણ વેગથી વળગીશું. બીજે દીવસે ધન ત્ર્યોદશી, તે દીવસે આવતાં વર્ષમાં લક્ષ્મી દેવી પ્રસન્ન રહી ધનથી પરિપુરિત કરે, તે માટે તેમનું યથાવિધિ પુજન અર્ચન યજન કરીશું અને વિધવિધ પ્રકારના ભોજન કરીશું. ત્રીજે દીવસે નર્ક ચતુર્દશી (કાળીચૌદશ) એ દીવસે પ્રાતઃકાલમાં નરકાસુર સ્નાન કરી હનુમન્ત ઉત્સવ ઉજવી યથાવિધિ ભોજનથી તૃપ્ત થઇશું. ચોથો દીવસ દીવાળીનો (દીપોત્સવિ) એ માંગલ્ય દીવશે, વિવિધ પ્રકારના દીપકો પ્રગટશે, બાળકો ફટાકડા દારૂખાનું છોડી આનંદ મગ્ન થશે, અને અમો પ્રસન્ન ચીત્તે ગત વર્ષનું નફા ટોટાનું સરવૈયું જોઇ સરસ્વતિ પૂજન (વૈપુજા) કરીશું. ઇચ્છીત ખાનપાન ભોગવિલાસ કરી આનંદમાં દીવસ નિર્ગમન કરીશું. પાંચમો દીવસ પ્રતિપદાનો (બેસતું વર્ષ) તે દીવસે પ્રાતઃકાળે અભ્યંગ સ્નાન કરી, ગણપતિ

વિગેરે ઇષ્ટ દેવની પ્રાર્થના કરી. નવીન વર્ષમાં સર્વ તરેહની આબાદી ઇચ્છીશું અને સગાં સ્નેહી સર્વને મળી આતિથ્ય કરી, તેમની નવીન વર્ષમાં આબાદી ઇચ્છીશું. આ પ્રમાણે અમારી દીવાળી વ્યતિત થશે, એટલે અમો અમારી દીવાળી ફળીભુત થએલી માનીશું.

મનહુરલાલ—ભાઇ માણેકલાલ, તમોએ જે રીતે દીવાળી વ્યતિત કરવાનું બતાવ્યું તે ઠીક છે, પણ એવા માંગલ્યકારી દીવસો એવી રીતે એકલી ધન પ્રાપ્તિ, ભોગવિલાસ વિગેરેમાં વ્યતિત કરવા એ મને ઠીક લાગતું નથી. મારા નિચે દર્શાવેલા સિધ્ધાંતો અનુસાર જો તમને વર્તવું યોગ્ય લાગે, તો મારી સાથે તમે પણ મારા મત મુજબ દીવાળી વ્યતિત કરવા પ્રતિજ્ઞા લો મારા નીયમો નીચે મુજબ છે:–

૧) જેવી રીતે વિક્રમ સંવત્સરનો સંબંધ, દીવાળી સાથે જોડાયલો છે, તેજ

મુજબ આપણી સાથે જોડાયલો છે. તેની વિખ્યાતિનું એક વર્ષ વધે છે જ્યારે આપણાં આયુષ્યમાંથી એક વર્ષ ગત થાય છે માટે નવિન વર્ષમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષની સાધનામાં તત્પર રહો.

૨) જેવી રીતે પોતાનાં ગૃહો વિગેરેને રંગ રોગાનથી સુશોભિત બનાવવામાં આવે છે, તેવીજ રીતે, આ શરીર રૂપી ગૃહને લંઘન, વમન, વિરેચન, સમન વિગેરેથી શુધ્ધ બનાવવાની જરૂર છે, કારણ શારિ-રીક આરોગ્યતાને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ અવલંબી રહેલા છે માટે પ્રથમ આપણે આપણાં આરોગ્યને આમંત્રણ આપવું જોઇએ.

૩) વસ્ત્રાઅલંકાર. મીષ્ટ ભોજનો વિગેરેમાં આપણા લાખો રૂપીઆ બરબાદ થાય છે તે કરતાં સાદાં સ્વચ્છ કપડાં ધારણ કરી, થોડા પૈસા બચાવી, ગરીબ

વર્ગના કેટલાંક જે અન્ન વસ્ત્ર વગર ટળવળે છે, તેને આપવામાં આવે તો તેઓ પણ દીવાળીમાં આનંદ પ્રાપ્ત કરી શકે; અને આપણે માથે એકલપેટાનો આક્ષેપ આવે નહીં.

૪) મીષ્ટાન્નો ફકત રસ ઇંદ્રીને તૃપ્ત કરવા માટે છે, તો તે કરતાં શરીરને પોષણ કરનારાં તત્વોવાળો ખોરાક લઇ નુતન વર્ષમાં આરોગ્યતા પ્રાપ્ત કરવા મીતાહારીપણું ધારણ કરવું મારૂં જીવન ખાવા માટે સરજાયું નથી પણ ખોરાક જીવન માટે સરજાયલો છે એમજ માનવું.

૫) લેણદેણ નકકી કરવા જે વાઘની ગતિ આપણે કરીએ છીએ તેવીજ ગતિથી આપણે હાથે કેટલાં સતકર્મો યા દુષ્કર્મો થયાં છે તે સોધી કાઢવાં જોઇએ.

૬) ધનત્ર્યોદશીને દીવસે લક્ષ્મી દેવીને નવાડી ધોવાડી પુજન અર્ચનથી સંતુષ્ટ

ફરી પ્રાર્થના કરીએ છીએ, તેવીજ રીતે આખા વર્ષમાં મન ઉપર ચઢેલો કાટ (ઇર્ષ્યા, દ્વેશ, અહંતા, વીગેરે) ધોઇ ફરી એવો કાટ મન ઉંપર ન ચઢે, તેટલા માટે જો લક્ષ્મી દેવીની પ્રાર્થના કરવામાં આવે, કે તારા લોભથી, મોહથી અગર મદથી હું ફરી મલીન ન થાઉં; તો તે પ્રાર્થના શ્રેષ્ટ ગણાશે.

૭) કાળીચૌદશને દીવસે બ્રાહ્મ મૂહુર્તમાં નરકાસુરનું સ્નાન કરવામાં આવે છે કારણ તે દીવસે નરકાસુરના શરીર અને આત્માનો (પંચત્વ) વિયોગ થયો હતો. તેવીજ રીતે આપણું શરીરમાં રહી નર્કમાં પહોંચાડનારાં અસુર રૂપ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર વિગેરેના દુષ્ટ હુમલાઓથી આપણાં શરીરને વીયોગી બનાવી સ્નાન કરી પવિત્ર થવું એ મને વધુ ઉત્તમ લાગે છે.

૮) દીપોત્સવિને દીવસે દીપકો પ્રગટાવી, ફટાકા, દારૂખાનું વિગેરેના ધુમ્રથી હવા શુધ્ધ બનાવવામાં સંતોષ ન માનતાં હૃદય મંદીરમાં દીપક પ્રદીપ્ત કરી આપણા સ્નેહી સંબંધીઓ તથા આત્મીકોના હૃદયના અશુધ્ધ વિચારોનાં મલીન રજકણોને ફટાકડા રૂપી સદુપદેશથી વિરક્ત કરવાની ખાસ જરૂર છે.

૯) છેવટે માલ કેટલો ખરીદયો, વેચ્યો, કેટલો શીલકમાં છે કેટલાનાં નાણાં આવ્યાં શું ઉઘરાણી બાકી છે વિગેરે નક્કી કરી સરવૈયું કઢાય છે: પણ આપણે જુદું જ સરવૈયું કાઢવાનું છે; તે એ કે આખા ગત વર્ષમાં આપણે શાશાં પરોપકારનાં કાર્યો કર્યાં અને કેટલાં અપકારના કર્યાં; કેટલાં ધાર્મીક કાર્યોમાં મદદ કરીને કેટલાંમાં વિઘ્ન રૂપ નિવડયા કેટલી જ્ઞાતિ સેવા તથા દેશ સેવા કીધી અને બંધુઓનાં મન્ન સંતુષ્ટ કીધાં અને કેટલા કલહ ઉત્પન્ન

કરી બંધુઓનાં હ્રદય દગ્ધ્યાં. આનો હીસાબ કરી પાપ, પુન્ય ને તારવી સરવૈયું કાઢવું અને તેમાં શાનું ફળ ભોગવ્યુ અને શાનું ભોગવીએ છીએ અને શાનું ભોગવવાનું બાકી છે તે નિર્માણ કરવું, અને ત્યાર બાદ સરસ્વતી દેવીની પ્રાર્થના કરવી કે મને શારીરીક, માનસીક, નૈતિક, ધાર્મીક અને ઔદ્યોગીક ઉન્નતિ કરવાને હમેશાં સદ્‌-બુધ્ધી આપી સહાય કર કે જેથી અમો પાપ રૂપિ કીચડમાં પડી આજુબાજુનાં સ્નેહિ સંબંધીઓને ખરડી પવિત્ર જીવનને અપવિત્ર કરતા અટકીએ.

૧૦) હવે પ્રતિપદાને દીવસે ગણેશ પ્રાર્થના (ગણેશ એટલે ગણનાઇશ) હમારી જમા ગણનામાં વૃધિ કરી હમારી ઉપર પ્રસન્ન થવા પ્રાર્થના કરીએ છીએ અને આબાદી માંગી દીવાળી ફળીભુત માનીએ છીએ પણ આપણે એવી ગણેશ પ્રાર્થના

કરવી જોઇએ કે 'હે ગણેશ! તું અમારા પુન્ય રૂપિ નફાની ગણુનાની વૃદ્ધિ કરવામાં મદદ કર, હે પરમકૃપાળુ! પરમાત્મા નવા વર્ષમાં અમે ઉચ્ચ પ્રકારનું આરોગ્ય મેળવીં, હમારાં કુટુંબની, જ્ઞાતની, ગામની અને દેશની સેવા બજાવીએ એવી શકતી આપ અને ગત વર્ષમાં કરેલાં પાપથી મુકત કરી સદવર્તન, સદાચારી, દયાળુ અને સદ નશીબવાળા બનાવવામાં મદદ કર, જો આ પ્રમાણે થાય તો મારા મંતવ્ય પ્રમાણે આપણી દીવાળી ફળીભૂત થયલી માનિશ.

માણેકલાલ—આ તમારા વિચારો શ્રવણ કરી મારી આનંદ ઉર્મીઓ મારા હૃદયમાં સમાતિ નથી. તમે આજે મારાં નેત્રાનાં પડળ ખોલ્યાં છે, તમારા સમુદ્રરૂપ વિચારોમાં, મારા નદી રૂપ વિચારો સમાઇ ગયા છે અને પ્રતિજ્ઞા કરૂં છું કે તમે દર્શાવેલા નિયમો હું પાળીશ અને મારા

સંબંધમાં આવતા આત્મીકો સંબંધીઓને પણ તમારા સીધ્ધાંતો સમજાવી, દીવાળી કેવી રીતે ઉજવવી જોઇએ તેનું રેફોનટ કરી, તેઓને પણ દઢ પ્રતિજ્ઞ બનાવવા તરફ હું મથન કરીશ અને જગતના બંધુઓ પ્રત્યે સમભાવ રાખી નિષ્કામ કર્મને મારૂં લક્ષ્યબીંદુ ગણીશ—

જ. કે. પાઠક.

સ્ત્રીનું હૃદય.

(૧)

બાગમાં પડતા વરાડામાં એક નાજુક ખુરસીપર કાન્તા આવીને બેઠી, પ્રભાતનો સમય હતો અને બાલ સૂર્યની કોમળ ગુલાબી પ્રભાએ તેના મુગ્ધ સૌન્દર્ય પર ઉજવળતા રેડી પક્ષીઓનો કલરવ, પ્રભાતના ઝાકળમાં ભીની, લચી રહેલી, લીલી છમ્ વનસ્પતિ, મંદ અનીલની લ્હેરીમાં મોગરા અને ગુલાબના પુષ્પોનું નૃત્ય, એ સર્વ હૃદયને ખેંચતાં હતાં. પરંતુ કાન્તાનું ચીત્ત એ પ્રભાતની ચારૂતા પર ન હતું. એક ઇંગ્લીશ પુસ્તક પર તેની દ્રષ્ટી સ્થીર રહેલી હતી, અને તેમાં રહેલાં જ્ઞાનનેજ પી જવામાં તલ્લીન બની હતી. બાહ્ય સૃષ્ટીનું ભાન તે બાલાને ન હતું અહો એ સમય કેવો સુન્દર હતો!

વસન્તનું પ્રભાત અને બાલાનું યૌવન એ ઉભયની મધુરતામાં કેવી સામ્યતા હતી. આકાશમાં એકે વાદળી ન હતી. એકે પુષ્પ ચીમળાયલું ન હતું અને બાલાના હૃદયમાં એકે વીષાદનો નીશ્વાસ ન હતો.

કાન્તાનાં માતપીતા પકવ વયના શ્રીમંત અને સુધારક હતાં અને પાશ્ચાત્ય રીતીને અનુસરીને સુશીક્ષીત પણ હતાં. તેમનું વતર્ન શુધ્ધ છતાંયે તેમની લાગણી કે ભાવનામાં આર્યત્વ બહુજ થોડે અંશે હતું. કાન્તા તેમની એકજ પુત્રી હતી અને તેમની શ્રીમન્તાઇ, વિદ્વત્તા, માન પ્રતીષ્ઠા સર્વનું મધ્ય બીન્દુ તેજ હતી, ટુંકમાં કહીયે તો કાન્તા તેમનું જીવન હતી. એના માત પીતા સુધારક હોવા છતાં તેના લગ્ન અમુક સંજોગોને લૈ એકાદ વર્ષપર રજનીકાન્ત નામના તરૂણ જોડે થયાં હતાં. રજનીકાન્ત બહુજ નમ્ર, સાદો,

અને ધાર્મિક વૃત્તીનો હતો. તેનાં વીચારો તેના આપ્ત મંડળમાંયે કોઇને ન જણાવતાં માત્ર ભલો, કોમળ, સુન્દર અને તરૂણ રજનીકાન્ત પોતાનાં પુસ્તકોમાં કે એકાદ બે મીત્રમાં કે બહુ તો એકાન્ત ફરવામાં પોતાનો સમય ગાળતો. થોડીવારે (લુચ્ચાં) વરાડામાનાં લુચ્ચા પોપટે કાન્તા બ્હેન ! કરી સાદ કર્યો. એ નીર્દોષ સ્વરથી કાન્તાનું ધ્યાન ખેંચાયું. હસ્તે વદને પોપટને રમાડી ગૃહમાં ગઇ. એટલામાંજ તેના માતપીતા તેને સામાં મળ્યાં પીતાના હાથમાં પત્ર હતો.

"કાન્તા ક્યાં ફરે છે! તનેયે એકાન્ત બહુ ગમે છે! તું જાણે છે. આજે રજની કાન્ત આવે છે." પરંતુ સુધારો શું સ્ત્રીની ભીરૂતા દૂર કરી શકે? કાન્તા હરીણીની ગતીયે ચાલી ગઇ. આનંદને એકાન્તમાં સમાવ્યો.

(૨)

રજનીકાન્ત આવ્યા ને આજે બીજા દીવસની સાયંકાલ હતી. કાન્તા તેજ ખૂરશી પર હતી અને પાસેની ખૂરશી પર નરમ બાંધાનો પરંતુ સુંદર અને તરૂણ રજનીકાન્ત હતો. કહો ! એકાન્તમાં પતી પત્નીની વાત કેવી પવિત્ર હોય છે ! ઉભય હ્રદયની ઉચ્ચમાં ઉચ્ચ લાગણીઓ, આશા, અને કવીતા એ કાલા ઘેલા શબ્દોમાં વહે છે. જેની જીન્દગીમાં એ કાલા ઘેલા શબ્દો સાંભળવાનો કે બોલવાનો પ્રસંગ નથી આવ્યો તેને સંસારમાં પ્રભુ નજ જડે. દામ્પત્યમાં વીષય વાસનાનો સ્નેહ નથી. કોઇ જડવાદીઓ કહે તેમ સ્વાર્થનો સ્નેહ નથી, પરંતુ એ બ્રહ્માંડને રચનારા મહા નીયમના ઐકયનું સંગીત અને કવીતા છે. ધીમે ધીમે સૂર્ય દૃષ્ટી મર્યાદાપર સમુદ્રના પાણીમાં ઉતર્યો સાયંકાલ વીતી, નવીન રાત્રીની શ્યામતા આકાશમાં

ઉતરી તારાઓ જગત્‌ને રમાડવા એક પછી એક આવ્યા. પરંતુ રજનીકાન્તની સ્નેહ સાંકળમાં ત્રુટ પડી નહીં.

તેમની વાર્તા ન્હાની નદીના પ્રવાહ સમ કોમળ, ધીમી, ઘડીકમાં નૃત્ય કરતી, ઘડીમાં ગમ્ભીર, ઘડીમાં હાસ્ય કરતી વહી જતી હતી.

થોડીવાર ઉભય શાન્ત રહ્યાં. કાન્તા બોલી, "પ્રાણનાથ હવે જશું બહુ સમય થઇ ગયો. મેં તમને આજજ ઓળખ્યા. પ્રભુ! મ્હને ભવોભવ આજ સ્વામી આપજે."

રજની—ધીરે કાન્તા ધીરે! મ્હારામાં એવા શા સદ્‌ગુણ છે. એ માત્ર ત્હારા હૃદયની ઉચ્ચતા સૂચવે છે. મેં આજજ જાણ્યું કે સુધારક માતપીતાની કાન્તા આવી નરમ. કોમળ, અને પવિત્ર છે.

કાન્તા—મ્હને હજુ બહુયે કહેવાનું છે. પણ બોલાતું નથી. સમય કેટલો જલદી ઉડી ગયો. વ્હાલા જ્ઞાનીઓ કહે છે કે આપણી જીન્દગી એ સ્વપ્ન છે. શું આજની રજની પણ એક સ્વપ્ન નથી?

રજની—જ્ઞાનની અવસ્થા ત્હારૂં બાળક હૃદય ન સમજે. પ્રભુએ જ્ઞાનને બદલે ત્હને હૃદય આપ્યું છે. એ હૃદય તપાસજે. ત્યાં તને નવીન જ્ઞાન મળશે.

" પ્રભુ હૃદય તો ત્હમે ચોર્યું છે. હવે મ્હારૂં નથી."

સ્હેજ શરમાઇને કાન્તા બોલી.

રજની—ત્હારૂં હૃદય મ્હને સોંપ્યું છે તો હું સંભાળીશ. વારૂં ત્યારે ચાલ્ હવે વડીલો આવ્યા હશે તેમની સમક્ષ જવું જોઇએ. શાન્ત પગલે બન્ને ગૃહ તરફ વળ્યાં. તેમનો પ્રેમ પવિત્ર હતો વાર્તાલાપ, સરળ વીનોદ. કે પુસ્તકની ચર્ચા

શીવાય તેમના પ્રેમે વધુ ગમ્ભીર સ્વરૂપ પકડ્યું ન હતું.

ઉપલી વાતનેયે દીવસો વહી ગયા. રજનીકાન્ત ક્યારનોય ગયો હતો. કાન્તા પાસે માત્ર તેની છબી, તેનું એકાદ પુસ્તક અને તેના અંગોઅંગની પ્રતીમાં હૃદયમાં જડેલી હતી. તેના યૌવનમાં નવોજ પ્રવાહ સ્ફુર્યો હતો. પરંતુ હાય! જગત્માં કયું ચીત્ર ભુસાયું નથી! નીર્દોષ પવિત્ર ભોળી કાન્તા! બ્હેન ત્હારી મ્હને દયા આવે છે. ત્હારી સુન્દર આશાઓ શું ભવીષ્યમાં ફળીભૂત થશે.

(૩)

હવે ચીત્ર બદલાય છે. પ્રેમની સાંકળ ત્રુટી, આશાનો સૂર્ય અસ્ત થયો, પુષ્પની માળા સર્પ થઇને ડંખી. વસન્ત ગયાને-રજનીકાન્તના પગલાં ગયા ને-અનેક મહીના થઇ ગયા હતા. અરે કાન્તા! કેમ બદલાઇ ગઇ? તેના મુખપર હાસ્ય નથી, નેત્રમાં ચાંચલ્ય નથી, ને ગતીમાં ઉત્સાહ નથી.

તેનું મુખ દુઃખી અને ગમ્ભીર છે. તેના હૃદયમાં શું હશે ! સ્ત્રીના હૃદયની વાતને કોણ જાણે ? રજનીકાન્તને આ સંસારમાંથી પ્રભુનું આમંત્રણ આવ્યું હતું. રજનીકાન્ત હવે જગતમાં નથી. કાન્તા છે અને તેથીજ દુઃખી છે. તેના નેત્રમાંથી છાના આંસુ ટપકયાજ કરે છે. ઉંડા નીશ્વાસ શીવાય તેના મુખમાં શબ્દ નથી. ગરીબ, એકલી, કાન્તા પતિ વીરહે દુઃખી છે. તેના માતાપીતા પ્રથમ બહુજ દુઃખી થયાં, પરંતુ શ્રીમન્તાઈના સુખમાં અને સુધારક હોવાથી પુર્નલગ્નના દીલાસાથી તેમનું દુઃખ વીસારે પડયું. કાન્તા તો બાળક છે. એ શું સમજે ! ભૂલી જશે. એમ સહુએ માની લીધું. વીહારીલાલ નામના તેમનીજ જ્ઞાતીના એક M. A. થયલા યુવક જોડે કાન્તાના લગ્ન પણ નક્કી કીધાં. વીહારીલાલ ધીમે ધીમે રમણલાલ (કાન્તાના પીતા) નાં બંગલામાં આવતો થયો અને કાન્તાના

સંબંધમાં પણ આવતો હતો. કાન્તા કોઇને કશુંજ કહેતી નહી. જેમ સંસાર ચાલે તેમ મૌન્ય ધરી જોતી હતી. ગરીબ બાલા શું બોલે? સ્ત્રીની સહન શકતી અદભૂત છે. બાહ્ય વર્તનથી સહુને રાજી રાખતી.

સાયંકાળનો વખત છે. વીશાળ બંગલામાં અનેક સુંદર અને સુસજ્જીત સ્ત્રી પુરુષો ફરતાં હતાં. બંગલાના કમ્પાઉન્ડમાં ટેબલ ખુરશીઓની હાર પડી હતી. તેમજ વાદીત્ર મંગળ ગીત ગાતાં હતાં. જયાં ત્યાં આનંદ ઉત્સાહ અને વાર્તાવીનોદ ચાલી રહ્યાં હતાં. વીહારીલાલ આંગ્લ પોષાકમાં સજ્જ થઇ આકર્ષક વાર્તાલાપથી સહુને રંજીત કરતો હતો. પરંતું ધીમે રહી કોઇ સ્ત્રીએ પૂછયું "કાન્તા કયાં છે?" ધીમે ધીમે સર્વ પૂછવા લાગ્યા. "કાન્તા બ્હેન કયાં છે!" "બહુ શરમાળ છે હમણા નહી આવે" એવો પ્રત્યુત્તર મળ્યો. આખરે કાન્તાની ખાસ જરૂર જણાઇ.

રમણુલાલે "કાન્તા! કાન્તા!" કરી એક બે સાદ કર્યાં. પ્રત્યુત્તર ન મળવાથી ગૃહમાં જઇ તપાસ કરી "કાન્તા ક્યાં છે" કોઇ બોલ્યું કે "કેમ બાગમાં છે ને?"

હવે રમણુલાલ ચીડવાયા "કેવી નાદાન છોકરી! અરે આવી શરમાળ છોકરી! કાન્તા! કાન્તા! બ્હેન! ત્હારી સહુ વાટ જુએ છે." ધીમે ધીમે બેચાર સ્ત્રી પુરુષો ભેગાં મળ્યાં. સહુએ તપાસ કરવા માડી. કાન્તા બાગમાં ન હતી. ગૃહમાં પણુ ન જણાતી હતી. કાન્તાની ઓરડી પણુ ખાલી હતી. રમણુલાલ ચમકયો. ટેબલપર ધ્રૂજતા પણુ સુન્દર હસ્તાક્ષરમાં લખેલો ખુલ્લો પત્ર હતો. તે બીચારી કાન્તાનોજ હતો.

"શીર છત્ર પીતાજી,

આપની કાન્તાએ જળ સમાધી કરી છે. પુર્નલગ્નના પ્રકાશ કરતાં રજની

કાન્તના મૃત્યુના તીમીરમાં ચાલવું મ્હને વધુ પ્રીયતર છે. મ્હને માફ કરજો આપને કદાચ બહુ દુઃખ થશે પરંતુ સ્ત્રીને એકજ હૃદય હોય છે. અને મ્હારૂં હૃદય પણ એકજ છે. માતુશ્રીને પ્રણામ કહેશો.

લી૦ સ્વર્ગવાસીની કાન્તા."

રમણલાલ અને કાન્તાની માતાનું જીવન નીરસ થઇ રહ્યું. આનંદ અને ઉત્સવ આંસુઓમાં સમાયો. અને વાદીત્રનું સંગીત હાય ! હાય ! શબ્દોમાં વીરામ્યું કોઇ કહે છે. સતિત્વનષ્ટ થયું છે. જય સુધી આર્યાવર્તમાં કાન્તા સરખી બાલાએ છે ત્યાં સુધી આર્યાનો વીજય છે. બ્હેન ત્હારા પવિત્ર આત્માને હૂં વંદન કરૂં છું

બંશીધર.

પ્રાર્થનાનો પ્રત્યુત્તર.

(એક વાર્તા)

૧૯૧૪ ના મે મહિનામાં ત્રણ હીન્દી સૈનિકો આરગોન પાસેની યુદ્ધ ભૂમિપર કંઇ વાતચીત કરી રહ્યા હતા. તેમનાં વસ્ત્રો ધુળથી એવાં રંગાઇ ગયાં હતાં કે તેઓ સૈન્યમાં સારા પદપર છે એમ ભાગ્યેજ કલ્પના થઇ શકે. તેમના હાથમાં દુર્બીન હતાં અને એક માઇલપર ચાલતાં યુદ્ધનું તેઓ નિરીક્ષણ કરી રહયા હતા. નજીકમાં એક ડુંગરી હતી અને તેની પાસે એક પથ્થરની ખાણ હતી. આ ખાણમાં અનેક હીન્દી, અંગ્રેજ અને ફ્રેન્ચ સૈનિકો આનંદ કલ્લોલ કરી રહયા હતા.

તેમની નજીકમાં એક ભયંકર ગોળો આવી પડયો, અને આસપાસ કાળો ધૂમાડો ફેલાઇ ગયો! ધરા ધ્રૂજવા લાગી, અને આસપાસની વનરાજીમાં વિદ્યુતના ચમકાર ફેલાઇ ગયા. એક ક્ષણમાં શાંતિ નિકેતન નર્કસ્થાનના રૂપમાં ફેરવાઇ ગયું. યાંત્રિક તોપો, રાઇફલ, બંદૂકો, અને બંબ ગોળાના ભયંકર નાદથી સર્વ દિશાઓ ગાજી રહી. એમ છતાં હીન્દી સૈનિકો સ્થિર ચીત્તે અવલોકન કરી રહ્યા હતા.

એક સૈનિક બોલી ઉઠયો " ઝેરી હવા! ઝેરી હવા! કંગાલોએ ઝેરી હવાનો ઉપયોગ કરવા માંડયો છે. પવન પણ આપણી તરફનો છે."

એક અંગ્રેજ સૈનિક "આપણે પણ ઝેરી હવાનો ઉપયોગ શા માટે ન કરવો જોઇએ? દુષ્ટ જર્મનો જરા પણ દયાને પાત્ર નથી. પ્રભુ! પ્રભુ! જુઓ!

ઝેરી હવા વધારે ને વધારે ઘટ થતી જાય છે."

સર્વએ તે દિશામાં જોયું તો માલમ પડયું કે સર્વત્ર સાપના ઝેર જેવો પીળો ઘટ્ટ પદાર્થ છવાઇ ગયો હતો. ઝેરી હવા વાંદળાના જેવી ઘટ થતી જતી સર્વત્ર ફેલાતી હતી અને ઝાડ-પશુ તથા સૈનિકોનો નાશ કરતી હતી.

એજ સમયે સજ્જનસીંહે સામેના માર્ગે એક માણુસને લપાતો છુપાતો પસાર થતાં જોયો. તે વિચાર કરવા લાગ્યો કે "એ કોણુ હશે? કદાચ કોઇ સૈનિક તો ન હોય? ત્યારે તે આમ લપાતો છુપાતો કેમ જતો હશે?" છુપાતા માણુસની પાસે આવી સજ્જનસીંહે જોયું તો તેના હોઠ ફીક્કા પડી ગયા હતા, વદન નિસ્તેજ થઇ ગયું હતું. તેના સમગ્ર શરીરમાં ભય-ભય ને ભયના ચીન્હ

માલૂમ પડતાં હતાં. કદાચ ઝેરી હવાની નાશકારક અસરથી તે વ્યાકુળ થઇ ગયો હશે. સજ્જનસિંહે ધાર્યું કે "કોઇ અમલદાર જેવો જણાય છે. પરંતુ ઝેરી હવાના ભયથી–અરે મૃત્યુથી ભયભીત થઇ પાછા હઠવું એ કેવું દુર્ભાગ્ય! ખરેખર સાચા સૈનિકના નામને લાંછન લગાડનાર આવા હીચકારાને ઠાર જ કરવો જોઇયે."

પાસે ઉભેલા માનસિંહે આરક્ત નેત્રે કહ્યું "મૃત્યુનાભયથી પીઠ બતાવનાર સૈનિકનો પ્રાણ લેવામાં એક ક્ષણનો પણ વિલંબ કરવો એ મહાન અપરાધ છે. સજ્જનસિંહ તમે એને સમરક્ષેત્ર તરફ પાછા ફરવાનો હુકમ કરો, અને એ હુકમનો અનાદર કરે તો તુરતજ ગોળીબારથી ઠાર કરો! પીઠ બતાવનાર પાપીના ખૂન માટે હું જોખમદાર છું."

સજ્જનસિંહે નજીક આવી કાંપુરૂષને ગરદનમાંથી પકડયો. કાંપુરૂષ વીસ વર્ષનો

નવયુવાન હતો. તેની આંખ ઉપરથી તેના મગજમાં અનેક ઉથલપાથલના વિચારો રમી રહ્યા હોય એમ સ્પષ્ટ જણાતું હતું. સજ્જનસિંહે પુર્વે એને કદીપણ જોયો નહોતો, સજ્જનસિંહે સિંહગર્જના કરી પુછ્યું "કા'પુરૂષ? અહીં શું કરે છે! અહીંઆં કેમ છુપાયો છે?"

યુવાનપુરૂષે દયાભરેલી દૃષ્ટિથી વિનીત-ભાવે જણાવ્યું, "ઇંગ્લંડથી આવેલા નવા સૈન્યમાં હું એક અઠવાડીઉં થયાંજ આવ્યો છું, આ ભયાનક યુદ્ધમાં મેં પહેલવહેલોજ ભાગ લીધો છે; થોડાક વખત તો બધું ઠીક ચાલ્યુ પણ દુશ્મનોએ જ્યારથી ઝેરી હવાનો ઉપયોગ કરવા માંડ્યો ત્યારથી તો બસ-જુઓ હમણાં પણ ઝેરી હવાની ગંધ આવે છે! ઓ! કેવું ભયંકર!" કહી અત્યંત ઉધરસ ખાવા લાગ્યો.

યુવાનના દયાજનક દેખાવ, તથા નમ્રતાભરેલું વર્તન જોઇ સજ્જનસિંહના મનમાં બહુ દયા ઉત્પન્ન થઇ. તેણે કહ્યું "તમે અમલદાર જેવા જણાવ છો, અને એક અમલદાર તરિકે બીજા સૈનિકોને દૃષ્ટાંતરૂપ થવા માટે પણ–મૃત્યુ ગમે તે સ્વરૂપમાં આવે તોપણ તે સ્વીકારવુંજ જોઇએ. એ તમારો ધર્મ છે. હું તમને હુકમ કરૂં છું કે તમે રણક્ષેત્રમાં પાછા જાઓ નહીં તો–" કહી રીવોલ્વર પર હાથ મૂકી બતાવ્યો.

યુવાને અત્યંત આજીજી સાથે કહ્યું "એક નિર્દોષ સૈનિકનો ઘાત કરી તમારા પૂર્વજોની કીર્તીને ઝાંખ નહીં જ લગાડો એવો મને વિશ્વાસ છે મારી ખાતરી કે તમે કસાઇના જેવા ક્રૂર નથીજ."

સજ્જનસિંહ વિચારમાં પડયો. યુવાને યુક્તિસર સમજ કહ્યું હતું. સજ્જનસિંહ

કસાઇના જેવો ક્રૂર નહોતોજ. મનુષ્ય તો શું પણ એક તુચ્છ જંતુનો પણ જીવ લેવાની કલ્પના પણ તેને કમકમાટ ઉત્પન્ન કરતી, રણયજ્ઞમાં અનેક મનુષ્યોનો સંહાર-તેમના કાન ફોડી નાંખે એવા આર્તનાદ રકતની નદીઓનુ વહેવું-વિગેરે દેખાવોથી તેને બહુ દુઃખ ઉત્પન્ન થતું. પરંતુ સમરક્ષેત્રમાં ક્ષાત્રતેજ ઝળકાવ્યા વિના છુટકોજ નહોતો. આર્ય અંતઃકરણ નો દયાભાવ કાંઈ વિલક્ષણ છે. શરણ ગ્રહણ કરનારના પર તે દયાના દેવ છે.

સજ્જનસિંહ—તમારૂં નામ શું ?

યુવાન-મારૂં નામ હેનરી શો.

સજ્જનસિંહ—બ્રીગેડના જનરલ સાથે કંઇ સગપણ છે?

યુવાન—તેનો હું પુત્ર.

સજ્જનસિંહ શરમાઇ ગયો. યુવાન પણ શરમાઈ ગયલો જણાયો. બ્રીગે-

ડનો જનરલ સૈન્યમાં સર્વનો પ્રેમપા
હતો. સજ્જનસિંહે સાંભળ્યું હતું
જનરલના પુત્રને હમણાંજ કમીશન મ
છે. હરી ! હરી ! કેવી વિચિત્ર ઘટના
સજ્જનસિંહે યુવાનને કહ્યું, "ત્ય
તો તું હવે એકદમ રણક્ષેત્રમાં જા, અ
તારા પિતાની કિર્ત્તીને ઉજ્વળ કર.

યુવાન-ઠીક, મારા પિતાની કિર્ત્તી
ખાતર-અરે તમારા દયાભરેલાં હુકમ
ખાતર હું સમરમાં જાઉં છું.

સજ્જનસિંહ-ત્વરા કર, જો હું તને ઠા
નહીં કરીશ, તો લશ્કરી કાયદા પ્રમાણે ત
બીજો કોઇ સૈનિક ઠાર કરશે, નાસ, દો.

યુવાનેજ અન્ય રસ્તે જવા માગ
કરી, તે પણ આસપાસ કોઇ જોનાર
હોવાથી સજ્જનસીંહે સ્વીકારી. પરંતુ આ
આશ્ચર્યસહ તેણે જોયું તો યુવાન રણક્ષેત્ર
સામી દિશાએ ઉંધેજ રસ્તે નાસતો હતે
ક્રોધાવેશથી તેણે રીવોલ્વરપર હાથ મુક્યે

પાસેના વૃક્ષપર પક્ષીવૃંદો મધુર કીલ-કીલાટ કરી રહયાં હતાં. યુવાનના પિતાની કિર્ત્તી, તેની માયાલુ માતાનું વાત્સલ્ય, અને આર્યહૃદયની ઉદાર દયા ભાવનાએ સજ્જનસિંહને ગોળીબાર કરતો અટકાવ્યો. કા'પુરૂષ જોતજોતામાં વૃક્ષોની ઘન ઘટામાં અદ્રષ્ય થઇ ગયો!

કોઇ મનુષ્યના પગલાંનો અવાજ સંભળાયો. કા'પુરૂષ અદ્રષ્ય થયો હતો તે દિશામાંથી કોઇ પુરૂષને સજ્જનસિંહે આવતો જોયો. તે એક અંગ્રેજ અમલદાર હતો. તેના પગમાં ઘા જણાતો હતો. મુખપર લોહીના છાંટા હતા. વસ્ત્રો કાદવથી ખરડાઇ ગયાં હતાં. દોડવાથી તેનો શ્વાસ બહુ જોરમાં ચાલતો હતો. શ્વાસનું રૂંધન કરી કહયું "સજ્જનસિંહ? પેલા ઝાડપરથી મેં સઘળું જોયું છે. હું જો ઘાયલ થયો ન હોત તો તમો બંનેને

ક્યારના યમદ્વાર પહોંચાડી દીધા હોત. તમે જાણો છો કે એ યુવાન કોણ હતો?"

સજ્જનસિંહ—તે આપણા બ્રીગેડના જનરલનો પુત્ર છે એમ કહેવાથી મેં તેને જવા દીધો છે.

અંગ્રેજ અમલદારે ક્રોધાંધ થઇ કહ્યું, "તેના કહેવાપર વિશ્વાસ મૂક્યો એ કેવું ખોટું કર્યું ? તેણે હડહડતું જુઠું કહ્યું. એ બ્રીજેન્ટ કોઇ નહીં પણ એક જર્મન જાસુસ હતો. ઝેરી હવાના વાદળાંનો આશ્રય લઇ તેણે આપણા જનરલને મારી નાંખ્યો છે. દગાખોર જર્મનો શું નહીં કરે ? આખી રાત તે છુપાઇ રહ્યો હતો. સૈનિકને નહીં છાજે એવી તમારી વર્તણુક માટે તમારી તપાસ કરી દેહાંતદંડની સજા કરવામાં આવશે. તમારી પાસે નજીકમાં કોઇ માણસો છે?"

સજ્જનસિંહ—પેલી ડુંગરીની બાજુએ પથ્થરની ખાણમાં મારાં માણસો છે.

અંગ્રેજ અમલદાર—ત્યારે તો તમે જલ્દી જઇ એ હરામખોર જાસુસને પકડવાનો બંદોબસ્ત કરો. ત્યાંનો ત્યાંજ તેને ઠાર કરવાનો હુકમ આપજો. યાદ રાખજો કે તે જાસુસ જો નાસી જવા પામશે તો લશ્કરી કાયદા પ્રમાણે તમને દેહાંતદંડ કરવામાં આવશે. જાવ. માણસોને હુકમ આપી તમે એક બે માણસો લઇ અત્રે મારી પાસે પાછા આવજો. મને બહુજ દર્દ થાય છે.

તે અંગ્રેજ અમલદાર ઘાની વેદનાથી નીચે બેઠો. સજજનસિંહ હુકમ આપવા દોડયો. સજજનસિંહની આ છેલ્લી જ મુલાકાત હતી !

ગોળીબહાર બંધ હતાં. તોપોના ધડાકા સંભળાતા નહોતા. પરંતુ સજજ-નસિંહના હૃદય સાગરમાં દુ:ખ અને શોકના પ્રચંડ મોજાંઓ તોફાન મચાવતાં

હતાં. દેહાંતદંડની શિક્ષા તેના મુખ આગળ ખડી થતી હતી. સમરમાંથી નાસી જવું એ તેને હીચકારાપણું લાગતું હતું. મૃત્યુ અને શરમ. અરે! ક્ષાત્રતેજને કલંક લાગવાના વિચારથી તેને કમકમાટી આવતી હતી! કાપુરૂષને ઠાર કર્યો હોત તો કેવું સારૂં થાત! અરે અસ્થાને દયા કરવાથી કેવું ઘોર પરિણામ આવે છે! દોડતાં દોડતાં તેના મગજમાં અનેક વિચારની પરંપરા ચાલતી હતી તેણે દીનદયાલ, અનાથના નાથ, ક્ષાત્ર ધર્મના પોષક પરમાત્માની પ્રેમપૂર્વક પ્રાર્થના કરી અને સહાય માંગી.

આણુમાં જઇ તપાસ કરી ત્યાં એકપણ માણુસ નહોતું. અજાયબ રીતે સર્વ ગુમ થઇ ગયા હતા. જાસુસ નાસી જશે અને પોતાને દેહાંતદંડની સજા થશે, અરે પોતાના કુળના નામને કેવું કલંક લાગશે? ત્યારે શું તેણે આત્મઘાત

કરવો ? તેણે પોતાની રીવૉલ્વર બહાર કાઢી અને આત્મઘાત કરવાની કોશીસ કરે છે એવામાં એક બંદુકનો બાર સંભળાયો, ખાણની બહાર આવી જુએ છે તો એક મનુષ્યાકૃતિ તેના તરફ આવતી જણાઇ. સામેથી તેનો પરમમિત્ર માનસિંહ આવતો હતો.

માનસિંહ—ઓહો! સજ્જનસિંહ! તમે ક્યાં ગુમ થઇ ગયા હતા? તમે મારો બાર સાભળ્યો?

સજ્જનસિહ—શું તમે બાર કર્યો હતો? કેમ શું બન્યું?

માનસિંહ—તમારા ગયા પછી ખાણમાંના માણસોને સમરક્ષેત્ર પર મોકલવાનો હુકમ મળ્યો. તે માણસો લઇ હું જતો હતો એટલામાં બીજા અમલદાર મળવાથી તેને તે ટુકડી સોંપી પાછો ફર્યો. પેલો યુવાન નાસી જતો હતો તે રસ્તે હું આવ્યો. પણ એક ઘનઘટા

પાસે કાં પુરૂષ નજરે પડયો. તે ઘા પર પાટા બાંધતો હતો. મેં ધાર્યું કે મારા મિત્રએ એકાદ ગોળી છોડી કામ અપૂર્ણું રાખ્યું છે. મને તેણે જોયો કે તુરતજ પાસે પડેલી રીવૅાલ્વર મારાપર છોડવાની ધૃષ્ટતા કરતો હતો એટલામાંજ તો મારી ગોળી તેના મસ્તકની આરપાર ચાલી ગઇ! તમારા યજ્ઞની મેં પૂર્ણાહુતિ કરી!

સજ્જનસિંહ-પણ તે મરી ગયો કે નહીં તેની બરાબર તપાસ નહીં કરી!

માનસિંહ-ક્ષત્રીના ગોળીબાર કદીપણ નિષ્ફળ થતોજ નથી.

બંનેએ ત્યાં જઇ તપાસ કરી મૃતદેહને ફેરવી જોયો તો ઘાયલ થયલા જરમન અમલદારના માથામાંથી ગોળી પસાર થઇ ગઇ હતી! સજ્જનસિંહની પ્રાર્થનાનો પરમાત્માએ પ્રત્યુત્તર આપ્યો હતો!


REFLECT ON THIS!
I. C. O. SALAD OIL
IS BEST
FOR
COOKING